











# ભારતના તહેવારોનું આધ્યાત્મિક રહસ્ય

બ્ર. કુ. પ્રફુલચંદ્ર શાહ












# અમૃત સૂચિ

અ.નં. વિષય


૧. *અંતરને અજવાળતું પ્રકાશ પર્વ દિવાળી*

૨. નાતાલના પર્વનો સાચો અર્થ અને મર્મ

૩. મકરસંક્રાંતિના પર્વનું રહસ્ય

૪. મહાશિવરાત્રિ – શિવોદય - આત્મોદયનું પર્વ

૫. હોળીનું પર્વ -અલૌકિક આનંદોત્સવ

૬. રામનવમીના તહેવારનો સાચો મર્મ

૭. જન્માષ્ટમીના રહસ્યોને સમજી તેની ઉજવણી કરીએ

8. આવો નવરાત્રીને સાચા અર્થમાં ઉજવીએ

# અંતરને અજવાળતું પ્રકાશ પર્વ દિવાળી



અંધકારમાંથી પ્રકાશ તરફ યાત્રા કરાવતું પર્વ એટલે દિપાવલી. ઘણી બધી પૌરાણિક તેમજ ઐતિહાસિક ઘટનાઓ સાથે જોડાયેલુ મહાપર્વ એટલે દિવાળી. શ્રી રામચન્દ્રે રાવણ પર વિજય મેળવ્યા બાદ જ્યારે અયોધ્યા નગરીમાં પ્રવેશ કર્યો ત્યારે પ્રજાવાસીઓએ પોતાના ઘરોમાં, શેરીઓમાં તેમજ પૂરી અયોધ્યા નગરીમાં દીવાઓ પ્રગટાવીને શ્રી રામના આગમનને વધાવ્યું તે દિવસ એટલે દિવાળી. મહાદુષ્ટ અસુર ભૌમાસુરનો શ્રી કૃષ્ણએ વધ કરી પૃથ્વીને ભયથી મુક્ત કરી તે આશ્વિન માસની અમાવાસ્યા એટલે દિવાળી. આત્માની પરમાત્મા સુધીની યાત્રાની સ્મૃતિ અપાવતો ભગવાન મહાવીરનો નિર્વાણદિન એટલે દિવાળી. વૈશ્યો માટે સમગ્ર વર્ષનું સરવૈયું કાઢવાનો તેમજ નવા વર્ષના ચોપડાના પૂજનનો દિવસ એટલે દિવાળી. આપણે સૌ દિવાળીના દિવસોમાં ઘરમાં દીવાઓ પ્રગટાવીને રોશની કરીએ છીએ, રોજ રોજ નવી રંગોળી બનાવી છીએ , નવા નવા કપડાં પહેરીએ છીએ, સારા સારા ભાવતા ભોજન આરોગીએ છીએ, ફટાકડા ફોડી હ્રદયનો આનંદ-ઉલ્લાસ વ્યક્ત કરીએ છીએ. પરંતુ ભારતવર્ષનું દરેક પર્વ આનંદ ઉલ્લાસ ની સાથે સાથે આત્મોન્નતિનો કોઈ ચોક્કસ આધ્યાત્મિક સંદેશ પણ આપતું જાયછે, જે સંદેશ આજે વિસરાતો જાય છે. દિપાવલીના પર્વને પાંચ દિવસ સુધી મનાવવામાં આવે છે. આ પાંચે દિવસ ની ઉજવણીમાં ઘણું

વૈવિધ્ય સમાયેલું છે સાથે સાથે દરેક દિવસના પર્વ પાછળ એક ગૂઢ આધ્યાત્મિક રહસ્ય પણ છુપાયેલું છે.

પાંચ દિવસના આ પર્વની શૃંખલાની શરૂઆત ધનતેરસ થી થાય છે જે દિવસે ખાસ, સુખ સંપદાની પ્રાપ્તિ અર્થે ધનની દેવી લક્ષ્મીનું આહવાહન કરી વિશેષ લક્ષ્મી પૂજન કરવામાં આવે છે. પરંતુ આપણે એ પણ સમજી લેવું જોઈએ કે સાચા સુખ, શાંતિ અને સમૃધ્ધિની જનની પવિત્રતા છે. વ્યક્તિ જ્યારે વિષય વિકારોથી મુક્ત થઈ પોતાના જીવનમાં પવિત્રતાને અપનાવે છે ત્યારે સ્વતઃ સુખ-સમૃધ્ધિ તેના ચરણોમાં આવે છે. એટલે આ દિવસે ખરેખરતો આપણે જીવનમાં પવિત્રતાને અપનાવવાનો સંકલ્પ કરીને સુખ-સંપદાનો આપણો જન્મસિધ્ધ અધિકાર પ્રાપ્ત કરી લેવો જોઈએ.

બીજો દિવસ એટલે કાળી ચૌદસ જે દિવસે આસુરી તત્વોનો તેમજ આસુરી વૃત્તિવાળા અસુરોનો વિનાશ કરનારી કાલિકા દેવીનું આહવાહન કરી વિશેષ પુજા કરવામાં આવે છે. ભલે આપણે પુજા કરીએ પરંતુ સાચા અર્થમાં સાચી કાળી ચૌદસ ત્યારેજ મનાવી ગણાય જ્યારે આપણે ખુદ સર્વશક્તિમાન પરમાત્મા શિવ સાથે સંબંધ જોડી, અનેક શક્તિઓથી સંપન્ન બની, સ્વયં શિવશક્તિ કાલિકા સ્વરૂપ ધારણ કરી આપણાંમાં રહેલા વિકારોને, આસુરી વૃત્તિઓને, આપણી કમી કમજોરીઓને, દોષોને, અવગુણોને, બૂરાઈઓને દૂર કરવાનો પુરો પ્રયાસ કરીએ.

ત્યાર પછીનો દિવસ એટલે દિવાળી અર્થાત પ્રકાશનું પર્વ. આ દિવસે ઘરે ઘરે દીવા પ્રગટાવવામાં આવે છે, જ્ઞાનની દેવી શારદાનું પૂજન તેમજ ચોપડા પૂજન કરવામાં આવે છે, મેવા મીઠાઇ આરોગીએ છીએ, ફટાકડા ફોડી આનંદ લુટીએ છીએ, મંદિરોમાં જઈ દેવ દર્શન કરીએ છીએ. આ બધુ આપણે ભલે કરીએ, પરંતુ વાસ્તવમાં દીપોત્સવ એટલે આપણે સ્થૂળ દીપકની સાથે સાથે આપણી આત્માના દીપકને પણ પ્રજ્વલિત કરીએ અને અજ્ઞાન રૂપી ગાઢ અંધકારમાંથી, સ્વયં પરમાત્મા શિવે આપેલા જ્ઞાન પ્રકાશથી,

સ્વયંને ઉજાગર કરીએ. બહાર જરૂર દિવડા પ્રગટાવો પરંતુ વર્તમાન સમયે વધું જરૂરત છે અંદરના આત્માના દીપકને પ્રગટવી આત્મખોજ કરવાની, આત્મપરિવર્તન કરી આત્મોન્નતિ કરવાની. શારદા પૂજાન તેમજ ચોપડા પૂજનની સાથે સાથે, આજે જ્યારે ચારે તરફ રાગ-દ્વેષ, વેર-ઝેર, ઈર્ષા, તેમજ વિકારોનું પ્રભુત્વ પ્રવર્તે છે ત્યારે આ દિવસે આપણે આપણાં પોતાના જીવનના હિસાબ-કિતાબને પણ જોઈ લેવો જોઈએ

પછીનો દિવસ એટલે બેસતું વર્ષ. આ દિવસે આપણે એક બીજાને મળીને નવા વર્ષની શુભેચ્છાઓ, શુભકામનાઓ તેમજ સાલમુબારક પાઠવી છીએ. નવા વસ્ત્રો પહેરી દેવ દર્શન અર્થે મંદિરોમાં જઈએ છીએ. ભાવતા ભોજન આરોગીએ છીએ. ભલે આપણે પૂરા ઉમંગ ઉલ્લાસથી નવા વર્ષની ઉજવણી આ પ્રમાણે કરીએ. પરંતુ આજે જ્યારે સમગ્ર વિશ્વમાં ચારે તરફ આપણે ભ્રષ્ટાચાર, દુરાચાર, પાપાચાર, જીવન મૂલ્યોનું પતન જોઈ રહ્યા છીએ ત્યારે આપણે બેસતાવર્ષના દિવસે ખાસ કરીને આપના પોતાના પરીવર્તન દ્વારા નવા મૂલ્યનિષ્ઠ સમાજ અર્થાત નવા યુગની સ્થાપનનો સંકલ્પ કરવો જોઈએ. ખાસ કરીને વર્તમાન સમયે જ્યારે આજની આ કળયુગી ભ્રષ્ટાચારી દુનિયાનું પરીવર્તન કરવા સ્વયં જ્યોતિબિંદુ પરમાત્મા શીવ બ્રહ્માના તનનો આધાર લઈ નવી સતયુગી શ્રીકૃષ્ણની દુનિયાની સ્થાપનાનું કાર્ય કરી રહ્યા છે ત્યારે આપણે આ દિવસે આપણી કમીઓને દૂર કરી, જીવના શ્રેષ્ઠ મૂલ્યોને ધારણ કરી, નવ યુગની સ્થાપનના કાર્યમાં સહયોગી બની, નવયુગ ની મુબારક આપવી જોઈએ.

સમગ્ર પર્વનો છેલ્લો દિવસ એટલે ભાઈબીજ સ્થૂળ રૂપે જોઈએ તો આ દિવસે બહેનો તેમના ભાઈઓ ને પોતાના ઘરે નિમંત્રણ આપે છે, પ્રેમથી ભાવતા ભોજન જમાડે છે અને ભાઈ બહેનના પવિત્ર સંબંધની ગરિમાને નિભાવે છે. પરંતુ આ પર્વના આધ્યાત્મિક રહસ્યને સમજીને તે અનુસાર ઉજવણી કરીશું તો વધુ પ્રાપ્તિ કરી શકીશું. ભાઈબીજ નું એક સુંદર

અર્થઘટન બ્રહ્માકુમારી વિદ્યાલય પાસેથી મને મળ્યું. ભાઈબીજનું બે શબ્દોમાં વિઘટન કરીએ તો ભાઈ અને બીજ એમ બે શબ્દોમાં થાય. મનુષ્ય આત્મા નું મૂળ સ્વરૂપ બીજ રૂપ અર્થાત સૂક્ષ્મ બિંદુ સમાન છે. આવી બિંદુ રૂપ બધીજ મનુષ્ય આત્માઓ પરમાત્માની સંતાન છે. એ દ્રષ્ટિએ આપણે આપસમાં આત્મા આત્મા ભાઈ ભાઈ છીએ. આપણો આ સંબંધ સંપૂર્ણ રીતે નિર્વિકારી તેમજ પવિત્ર છે. જો આજના દિવસે દરેક વ્યક્તિને, પછી તે સ્ત્રી હોય કે પુરુષ હોય, આત્મા આત્મા ભાઈ ભાઈ ની દ્રષ્ટિથી જોઈશું તો ઉચ્ચ કક્ષાની પવિત્રતાની અનુભૂતિ કરી શકીશું અને સમગ્ર વિશ્વમાં પવિત્રતા તેમજ શાંતિના વાયબ્રેશન ફેલાવી શકીશું

વર્તમાન સમયના સંધર્ભમાં ઉપોરોક્ત રહસ્યોને સમજી આપાણે દિવાળી પર્વના આ પાંચ દિવસની ઉજવણી કરીશુતો જરૂર એક અનેરા આનંદની અનુભૂતિની સાથે સાથે પરમાત્મા એ આરંભેલા નવ યુગની સ્થાપનના કાર્યમાં સહભાગી બની શકીશું. આશા છે કે આ વર્ષે આપ જરૂર આવો પ્રયાસ જરૂરથી કરશો.

---------- 00000 ----------

# નાતાલના  પર્વનો સાચો અર્થ અને  મર્મ




વિશ્વના મહાન ધર્મોમાં ખ્રિસ્તી ધર્મનું એક આગવું સ્થાન છે. આ ધર્મના સ્થાપક ઈશુ ખ્રિસ્તના જન્મના સંદર્ભમાં ૨૫મી ડિસેમ્બરે સમગ્ર વિશ્વમાં નાતાલ પર્વની ઉજવણી  કરવામાં આવે છે. સામાન્ય રીતે નાતાલ પર્વની ઉજવણી લોકો આનંદ પ્રમોદ કરી, ભાવતા ભોજનની ફિસ્ટ કરી, ગાયન વાદન સાથે ડાંસ કરી, આતશબાજી કરી, ઘર તેમજ દેવળને રોશનીથી શણગારી, કેટલીક  જગ્યાએ દારૂની મહેફિલ કરી ઉજવે છે. વળી ઘણી જગ્યાએ ઈશુના જીવન પ્રસંગોની ઝાંખી જોવા મળે છેI કેટલાક જરૂર દેવાળમાં જઇ પ્રભુને પ્રાર્થના પણ કરે છે. ભલે આપણે આ બધું કરી પર્વનો આનંદ લુટીએ. પરંતુ નાતાલના આ પર્વની ગરિમા તેમજ  પવિત્રતાના સંદર્ભમાં આ પ્રકારની  ઉજવણી શું પર્યાપ્ત છે? શું આપને નથી લાગતું કે નાતાલ પર્વના મર્મ તેમજ તેના દિવ્ય સંદેશને ધ્યાનમાં રાખી આપણે તેની ઉજવણી કરવી જોઈએ?

પયગંબર ઈશુ ખ્રિસ્તે જીવન પર્યન્ત સમગ્ર વિશ્વને પ્રેમ, દયા, કરુણા, ક્ષમા જેવા પાયાના જીવનમૂલ્યો નો સંદેશ આપ્યો છે. તેમના વિરોધીઓએ તેમના જીવન માં અનેક વિઘ્નો ઊભા કર્યાં તેમ તેઓને અનેક કષ્ટો આપ્યાં. પરંતુ સહનશીલતાની આ મૂર્તિએ આ  કષ્ટોને સ્વસ્થતા પૂર્વક સહન કરી સહનશીલતાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ વિશ્વને પૂરું પાડ્યું છે. તેમના જીવનના અંતિમ સમયે તેમના વિરોધીઓએ તેમને કાંટાળો તાજ પહેરાવ્યો,

તેમના ઉપર પથ્થરો ફેંક્યા અને અંતે ક્રોસ પર ચઢાવી શરીર પર ખીલા ઠોકી દીધા. આવી પરિસ્થિતિમાં પણ તેમના મુખમાંથી ઉદગાર નીકળે છે “હે પ્રભુ એમને માફ કરજો કારણ કે તેઓને ખબર નથી કે તેઓ શું કરી રહ્યા છે”. ક્ષમા બક્ષવાનું, અપકારી ઉપર પણ ઉપકાર કરવાનું કેવું શ્રેષ્ઠ ઉદાહરણ છે! તેમના જીવન માંથી પ્રેરણા લઈ આપણે પણ જો સહનશીલતાને ધારણ કરી લોકોને માંફ કરીશું, અપકારી પર ઉપકાર કરીશું, દુશ્મનને પણ મિત્ર બનાવીશું અને સર્વને પ્રેમ કરીશું તો સાચા અર્થમાં ક્રિસમસ ની ઉજવણી કરી ગણાશે

નાતાલમાં સાંતાક્લોઝનું વિશેષ મહત્વ છે. તેને સફેદ વાળ, સફેદ દાઢી તેમજ લાલ ડગલા વાળા વૃધ્ધ ફરીસ્તાના સ્વરૂપે બતાવવામાં આવે છે. વૃધ્ધત્વ પરિપક્વતાની નિશાની છે. સફેદ વાળ પવિત્રતાની નિશાની છે. એવું માનવામાં આવે છે કે તે મોડી રાત્રે આવે છે અને બાળકો માટે અનેક પ્રકારની ભેટ, રમકડાં, ચોકલેટ વગેરે લાવે છે. સાથે સાથે બાળકોની સાથે રમી તેમને આનંદ-ઉત્સાહમાં લાવી દે છે. જે એકલા અટુલા છે, જેમનું આ સંસારમાં કોઈ નથી તેવા બાળકોને સાંતાક્લોઝ ખાસ પ્રેમ આપી, તેમનામાં આશા પ્રગટાવી આત્મવિશ્વાસથી ભરપૂર કરી દે છે. વર્તમાન સમયે જ્યારે શોષિતો, વંચિતો, પીડિતો, દુઃખી, અશાંત આત્માઓનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જાય છે ત્યારે આપણે સૌએ સાંતાક્લોઝ માંથી પ્રેરણા લઈ, પરિપક્વ બની, જીવનમાં પવિત્રતાને અપનાવી, સાંતાક્લોઝ જેવા ફરીસ્તા બની બની અન્યને મદદરૂપ બનવું જોઈએ, પીડિતો, અનાથ તેમજ ગરીબોમાં ખુશી આનંદ ઉમંગ ભરીશું તો નાતાલને સાચા અર્થમાં ઉજવી ગણાશે.

નાતાલ દરમ્યાન ઘરની બહાર તેમજ દેવળમાં તારા(star)ના પ્રતિક ને લટકાવવામાં આવે છે. પ્રકાશિત તારો જ્યોતિ સ્વરૂપ આત્માનું તેમજ લાઇટ સ્વરૂપ પરમેશ્વરનું પ્રતિક છે. ઈશુએ પરમાત્માને પ્રકાશ સ્વરૂપે માન્યા

છે. ફેસ્ટિવલના દિવસોમાં આ પ્રકાશિત તારામાંથી પ્રેરણા લઈ જો આપણે આત્મિક સ્વરૂપમાં સ્થિત થઈ બધાને આત્મિક દૃષ્ટિથી જોવાનો પ્રયાસ કરીશું તો બધાં માટે સરળતાથી સમત્વનો, બંધુત્વનો તેમજ પ્રેમનો ભાવ કેળવી શકીશું. પરમેશ્વર મહાજયોતિ, દિવ્યજ્યોતિ સ્વરૂપ છે તે આપણી આત્માનો પારલૌકિક પિતા છે. ક્રિસમસના દિવસોમાં જો આપણે આત્મિક સ્વરૂપમાં સ્થિત થઈ પરમેશ્વરને ચમકતાં સિતારા સ્વરૂપે અર્થાત લાઇટ સ્વરૂપે પ્રેમથી તેમજ પૂરા સમર્પણ ભાવથી યાદ કરીશું તો સાચા અર્થમાં ક્રિસમસ ઉજવી ગણાશે

નાતાલ દરમ્યાન ઘરમાં ક્રિસમસ ટ્રી (નાતાલ વૃક્ષ) લાવવામાં આવે છે અને તેને ખાસ કરીને લાઇટ્સ, ફૂગ્ગા, ઘંટડીઓ, ચોકલેટ્સ, કેન્ડી, રીબન, ઘરેણાં વગેરેથી ખૂબ શણગારવામાં આવે છે. ક્રિસમસ ટ્રી એ સદાબહાર વૃક્ષ છે. તેને ખૂબજ પવિત્ર માનવમાં આવે છે. બીજા શબ્દોમાં તે જીવનની પવિત્રતાનું પણ પ્રતિક છે. ઘરનો વાસ્તુ દોષ દૂર કરનારું તેમજ ખરાબ આત્મા કે પ્રેત આત્માના પ્રભાવને દૂર કરનારું માનવામાં આવે છે. આ સદાબહાર વૃક્ષ વર્ષ દરમ્યાન કદી કરમાતું નથી. આ પવિત્ર વૃક્ષ આપણને સંદેશ આપે છે કે આપણે પણ સદાને માટે આપની પવિત્રતાને જાળવી રાખીએ તેમજ સદા ખુશ રહીએ અને બધાંને ખુશ રાખીએ. જેમ ક્રિસમસ ટ્રીને આકર્ષક રીતે શણગારીએ છીએ તેજ પ્રમાણે જો આપણે આપાણી આત્માને આ પવિત્ર દિવસો દરમ્યાન વિવિધ ગુણો, મૂલ્યો તેમજ શક્તિઓથી શણગારીશું તો સાચા અર્થમાં ક્રિસમસ મનાવી ગણાશે.

પરમેશ્વરને પ્રેમ કરો ; તમારા પડોશીને પ્રેમ કરો ; નફરતને પ્રેમમાં, ગુસ્સાને નમ્રતામાં બદલી તમારા જીવનને શ્રેષ્ઠ બનાવો ; બીજા પાસે તમે જેવો વ્યવહાર ઇચ્છો છો તેવો વ્યવહાર તમે અન્ય સાથ કરો ; તમારા પ્રભુ સાથે પ્રાર્થના દ્વારા વાર્તાલાપ કરી તેનો આભાર માનો, તમારો સાથ

નિભાવવા તે તત્પર છે.  ઈશુએ આપેલા આ સંદેશને નાતાલના દિવસોમાં આપણા જીવનમાં ચરિતાર્થ કરીએ. 135 થી પણ વધુ દેશોમાં કાર્યરત આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય પણ વિશ્વભરમાં  નાતાલની ઉજવણી ઉપરોક્ત સદર્ભમાં વિશિષ્ટ રીતે કરે છે.

------ 0 -------- 0 ------

# મકરસંક્રાંતિના પર્વનું રહસ્ય




મકરસંક્રાંતિનું હિન્દુ ધર્મના પ્રમુખ તહેવારોમાં મહત્વનુ સ્થાન છે. આ દિવાસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશી ઉત્તર તરફ પ્રયાણ કરાતો હોવાથી તેને મકરસંક્રાંતિ અથવા ઉત્તરાયણ કહેવામા આવે છે. સમગ્ર ભારતવર્ષમાં આ તહેવારને અલગ અલગ નામે તેમજ અલગ અલગ રીતે વિવિધતાથી ઉજવવામાં આવે છે. આંધ્રપ્રદેશ, તેલંગાના, કર્ણાટક તેમજ કેરાલામાં '**સંક્રાંતિ**'; તામિલનાડુમાં '**પોંગલ**' ; પંજાબ હરિયાણમાં '**લોહડી**' ; આસામમાં '**ભોગાલી બિહુ**'; ઉત્તરપ્રદેશમાં '**ખિચડી**' ; ગુજરાતમાં '**ઉતરણ**' તેમજ ઉત્તરાખંડમાં '**ઉત્તરાયણ**' તરીકે ઉજવવામાં આવે છે.

ખાસ કરીને ગુજરાતમાં આ પર્વ દરમ્યાન પતંગ ચગાવવાનો મહિમા છે. સવારથી જ લોકો ધાબા પર પહોંચી જાય છે અને પતંગ ચગાવવાની મઝા માણે છે. આકાશ રંગ બેરંગી પતંગોથી છવાઈ જાય છે. ચારે બાજુ લપેટ-લપેટ, કાપ્યો-કાપ્યોની બૂમો સંભળાય છે. સ્પીકરનો ઘોંઘાટ વાતાવરણને ગજવી મૂકે છે. કેટલાક લોકોને પતંગ પકડવામાં વધુ મઝા આવે છે. આજકલ તો સાંજના સમયે ધાબા પરથી લોકો તુક્કલો ચગાવે છે તેમજ ફટાકડા ફોડી ખૂબ આતશબાજી કરે છે.

ઉત્તરાયણ એ પવિત્ર તેમજ પુણ્ય પર્વ છે કારણકે આ પર્વમાં દેવતાઓનું અયન થાય છે તેવું માનવામાં આવે છે. આ પર્વથી શુભ કાર્યોની શરૂઆત થાય છે. ઉત્તરાયણમાં મૃત્યુ થાય તો મોક્ષની પ્રાપ્તિ થાય તેવું માનવામાં આવે છે. આ દિવસે સૂર્ય ધન રાશીમાંથી નીકળી મકર રાશિમાં

પ્રવેશ કરે છે. મકર રાશિ શનિની રાશિ છે. શનિ સૂર્યનો પુત્ર છે. અર્થાત આ દિવસે પિતા સૂર્યની પુત્ર શનિની રાશિમાં પ્રવેશતા થાય છે એટલે તેને શુભ માનવામાં આવે છે. આપણે સૌ જાણીએ છીએ કે સૂર્ય એક સ્થૂળ તારો છે તેમજ શનિ સૂર્ય મંડળનો એક સ્થૂળ ગ્રહ છે. તો આ ઘટનાને ફક્ત સ્થૂળ રૂપે ના લેતા તેના આધ્યાત્મિક મર્મ કે રહસ્યને જાણીને આ પર્વ ની ઉજવણી કરીશું તો વધુ લાભકારક તેમજ સાર્થક બનશે. સૂર્ય એ જ્ઞાનસૂર્ય જ્યોતિ સ્વરૂપ શિવ પરમાત્માનું પ્રતિક છે. શનિ એ પ્રકાશ બિંદુ સ્વરૂપ મનુષ્ય આત્માનું પ્રતિક છે. સૂર્ય પુત્ર શનિની જેમ આપણે સૌ પ્રકાશબિંદુ સ્વરૂપ મનુષ્ય આત્માઓ જ્યોતિ સ્વરૂપ પરમાત્મા શિવની સંતાન છીએ. પુત્ર શનિની રાશિમાં પિતા સૂર્યનો પ્રવેશ અર્થાત મનુષ્ય આત્માના જીવનમાં તેના ઉધ્ધાર માટે જ્ઞાનસૂર્ય પરમાત્માનો પ્રવેશ જે હમેશાં કલ્યાણકારી છે. પરમાત્માની મનુષ્ય જીવનમાં પ્રવેશતા ફક્ત શુભ કે મંગળકારી છે એટલુજ નહીં પરંતુ આત્મા પોતાનું ગુમાવેલું દેવત્વ પુનઃ પ્રાપ્ત કરે છે, એટલે ઉત્તરાયણ માં દેવતાઓનું અયન થાય છે એમ માનવામાં આવે છે. ઉત્તરાયણનો સમયગાળો દેવતાઓનો દિવસ અર્થાત દેવયાન છે અને દક્ષિણાયણનો સમયગાળો દેવતાઓની રાત્રિ અર્થાત પિતૃયાન છે એવું માનવામાં આવે છે. આ દિવસે જો આપણે સ્વયંને આત્મા સમજીને જ્યોતિબિંદુ સ્વરૂપ શિવ પરમાત્માને યાદ કરીશું તો સાચા અર્થમાં મકરસંક્રાંતિની ઉજવણી વધુ સાર્થક બનશે તેમજ આપણે દેવપદને પ્રાપ્ત કરી શકીશું.

આ દિવસે ગોળ-તલની સાંકળી, ઊંધિયું, જલેબી અને બોર ખાવાનો વિશેષ મહિમા છે. તલ અને ગોળ ખાવાનું એક રહસ્ય છે. તલ ઉપરથી કાળા અથવા બદામી હોય છે અને અંદરથી સફેદ હોય છે તેમજ ગોળ મીઠો- ગળ્યો હોય છે. આ તલ આપણને એ સંદેશ આપે છે કે બહારથી

આપનો શારીરિક દેખાવ ગમે તેવો હોય પરંતુ અંદરથી આપણે તલની માફક ઉજાળા રહીશું પવિત્ર રહીશું તો બધાને ગમીશું. તલને આપણે જો ઘસીએ તો બહારથી પણ સફેદ થઈ જાય છે. બ્રહ્માંડના પરિપેક્ષમાં આપણે સૌ અતિ શૂક્ષ્મ મનુષ્ય આત્માઓ પણ તલ સમાન છીએ જે આજે મહદઅંશે વિકારોના પ્રભાવમાં કાળી તેમજ તમોગુણી  બની ગઇ છે. આધ્યાત્મિક જ્ઞાન તેમજ યોગ સાધનાથી આપણી આત્માને તલની જે ઘસીશું તો આત્મા શુધ્ધ તેમજ પવિત્ર બની જશે. ગોળ ખાવાનું રહસ્ય એ છે કે આપણે તલ સમાન આત્માઓએ ગોળ સમાન અતિ મીઠા તેમજ મધુર બનવાનું છે. આ ઉપરાંત તલની જેમ  જેટલા આપણે નાના રહીશું અર્થાત અહંકારથી મુક્ત રહીશું તેટલા આપણે વાસ્તવમાં મહાન બનીશું. જ્યારે આપણે એમ માનીએ છીએ કે હું મોટો છું, કઈક વિશેષ છું ત્યારથી આપણી પડતીની શરૂઆત થાય છે. ઘમંડ કે મદ એક પ્રકારનો મોટો ભ્રમ છે.

ઉતરણને દિવસે ભલે આપણે ખૂબ પતંગ ચગાવીએ અને આનંદ લુટીએ. પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે આપણું મન પણ પતંગ સમાન છે જે હમેશાં આમ તેમ ઉડતું જ રહે છે.  આ પવિત્ર દિવસે પતંગ ચગાવવાની સાથે સાથે આપણે આપણાં પતંગ સમાન મનને પરમધામ રૂપી આકાશમાં ઉડાડી પરમાત્મા સાથે જોડીશું તો સ્થૂળ આનંદની સાથે સાથે પરમાનંદ તેમજ અતિન્દ્રિય સુખનો અનુભવ પણ કરી શકીશું. જેમ પતંગ કાપીને આપણે મજા લુટીએ છીએ તેજ રીતે જો આપણે આ પવિત્ર દિવસે આપણી અંદર રહેલા નકારાત્મક વિચારોને તેમજ ઘર કરી ગયેલા કેટલાક વિકારોને કાપીશું તો કાયમ માટે જીવનનો આનંદ માણી શકીશું.

મકરસંક્રાંતિના દિવસે તીર્થ સ્થાનોમાં પવિત્ર નદીઓના સંગમ પર સ્નાન કરવાનું પણ ખૂબ મહત્વ છે. પરંતુ  સ્થૂળ સ્નાનની સાથે સાથે

વર્તમાન સંગમ યુગના સમયે પરમાત્મા શિવ દ્વારા અપાઈ રહેલા દિવ્ય જ્ઞાનનું જો આપણે નિયમિત સ્નાન કરીશું તો આપણી આત્માને પાપોથી મુક્ત કરી ગુમાવેલા દેવત્વને પુનઃ પ્રાપ્ત કરી શકીશું. આ દિવસે દાન કરવાનો પણ પુષ્કળ મહિમા છે. પરંતુ સ્થૂળ વસ્તુઓના દાનની સાથે સાથે જો આપણે પરમાત્માએ આપેલા જ્ઞાનનું દાન કરી કોઈના જીવનને ઉજાગર કરીશું તો આ પવિત્ર પર્વને સાચા અર્થમાં મનાવ્યું ગણાશે.

તો આવો આપણે સૌ આ પર્વની ઉજવણી તેના સાચા મર્મને સમજીને કરીએ. 135 થી પણ વધુ દેશોમાં કાર્યરત આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય પણ વિશ્વભરમાં મકરસંક્રાંતિની ઉજવણી ઉપરોક્ત સદર્ભમાં વિશિષ્ટ રીતે કરે છે.

------ 0 ------- 0 ------

# મહાશિવરાત્રિ – શિવોદય- આત્મોદયનું પર્વ




વિશ્વનો સૌથી પ્રાચીન આપણો ભારત દેશ ઉત્સવોનો દેશ છે. ભારતમાં ઉજવાતા મોટાભાગના દરેક ઉત્સવો પાછળ એક ચોક્કસ આધ્યાત્મિક, નૈતિક તેમજ સામાજિક રહસ્ય છુપાયેલું છે. એટલે દેશમાં ઉજવાતા દરેક ઉત્સવો માનવીમાં એક નવી ચેતના જાગૃત કરે છે. જીવનને આશા–ઉમંગથી ભરી દે છે. હતાશા, નિરાશા, દુ:ખ, વ્યથા, અશાંતિ તેમજ આળસથી માનવીને મુક્ત કરી જીવનમાં નવો પ્રાણ ફૂંકે છે. વર્ષ દરમ્યાન આવતા અનેક ઉત્સવોમાં શિવરાત્રિના પર્વનું એક આગવું તેમજ વિશિષ્ટ મહત્વ છે. કારણ કે શિવરાત્રિ એ દેવાધિદેવ શિવના અવતરણનું અર્થાત શિવજયંતિનું પર્વ છે.

આપણે સૌ જાણીએ છીએ તેમજ સ્વીકારીએ પણ છીએ કે જ્યોતિ સ્વરૂપ પરમાત્મા શિવ, જેની પૂજા વૈદિક સમયથી જ્યોતિર્લિંગ સ્વરૂપે કરવામાં આવે છે, તે શ્રી રામ-શ્રી કૃષ્ણના, બ્રહ્મા–વિષ્ણુ-શંકર જેવા ત્રિદેવના, દેવોના ગુરુ બૃહપતિ તેમજ દૈત્યોના ગુરુ શુક્રાચાર્યના, રાવણ જેવા રાક્ષસના તેમજ સર્વ ધર્મસ્થાપકોના હમેશાં આરાધ્ય રહ્યા છે. સર્વ મનુષ્ય આત્માઓના પરમપિતા પરમાત્મા શિવને દેહાતિત, અજન્મા, અકર્તા, અભોક્તા અને અવ્યક્ત સ્વરૂપે સ્વીકાર કરવામાં આવ્યાં છે. એટલે જ તેમનું કોઈ દૈહિક સ્વરૂપ નથી. તેથી કરીને જ્યોતિના પ્રતિક સમાન લિંગ ની સ્થાપના કરી તેમની પૂજા-અર્ચના કરવામાં આવે છે. આ મહાજયોતિ સ્વરૂપ શિવ પરમાત્માના અવતરણના સંધર્ભમાં ઉજવાતી શિવજયંતીને મહાશિવરાત્રી રૂપે મનાવવામાં આવે છે.

શિવરાત્રિમાં રાત્રિ શબ્દ ખુબજ સૂચક છે. અર્થાત શિવ અવતરણને રાત્રિ સાથે કોઈ સંબંધ છે. આ રાત્રિ  તે કઈ રાત્રિ? આ સમજવા આપણે પૃથ્વી ધરા પર ભજવાઈ રહેલા અનાદિ, અવિનાશી વિશ્વ નાટકના ચક્રને સમજવું પડશે. આ ચક્ર બ્રહ્માનો દિવસ  અને બ્રહ્માની રાત્રિ  એમ બે ભાગમાં વહેચાયેલું છે. બ્રહ્માના દિવસના બે ભાગ એટલે સતયુગ અને ત્રેતાયુગ અને બ્રહ્માની રાતના બે ભાગ એટલે દ્વાપરયુગ અને કળયુગ. એમ ચાર યુગનું સૃષ્ટિચક્ર અનાદિ સમયથી ચાલતું આવ્યું છે અને અનંત સુધી ચાલતું રહેશે. આ ચક્રમાં બ્રહ્માનો દિવસ અર્થાત સતયુગ,ત્રેતાયુગ તે જ્ઞાનરૂપી પ્રકાશ અથવા ઉજાસ નું પ્રતિક છે તેમજ બ્રહ્માની રાત્રિ  અર્થાત દ્વાપરયુગ, કળયુગ તે અજ્ઞાન રૂપી અંધકારનું પ્રતિક છે.  તેમાં પણ કળયુગનો અંતિમ સમય એટલે ઘોર અંધકારનો સમય અતિ ધર્મગ્લાનિનો સમય. આ સમયે સમગ્ર વિશ્વમાં દુઃખ, અશાંતિ, ભય, ચિંતા, હિંસા,પાપચાર દુરાચાર ભ્રષ્ટાચાર વ્યાપેલો હોય છે. આવા સમયે સ્વયં શિવ પરમાત્મા, ગીતામાં પોતે આપેલા વચન અનુસાર, સૃષ્ટિ પરીવર્તન અર્થે દિવ્ય અવતરણ કરે છે અને કળયુગી દુનીયાનો વિનાશ કરાવી નવી સતયુગી દુનિયાની સ્થાપના કરે છે. અજ્ઞાન રૂપી  ઘોર અંધકાર ના સમયે પરમાત્મા શિવનું બ્રહ્મા તનમાં અવતરણ થતું હોવાથી શિવરાત્રિ કહેવાય છે.

આજના સમય પર દ્રષ્ટિપાત કરીએ તો તમે જરૂર સમ્મત થશો કે આજનો આ વર્તમાન સમય એ કળીકાલનો ઘોર અંધકારનો અંતિમ સમય ચાલી રહ્યો છે. શિવ પરમાત્માનું બ્રહ્માના તનમાં અવતરણ થઈ ચુક્યું છે. વર્તમાન સમયે જ્યારે તેવો જ્ઞાન તેમજ યોગની શિક્ષા આપી આપણને કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર જેવા મહાવિકારોથી મુક્ત કરી દૈવી દુનિયાની સ્થાપના કરી રહ્યા છે ત્યારે શિવરાત્રિનું મહત્વ વધી જાય છે. આ સંધર્ભમાં સાચા અર્થમાં આપણે શિવરાત્રિ ત્યારે માનવી ગણાય જ્યારે આપણે વર્તમાન સમયે પરમાત્મા શિવ જે જ્ઞાન યોગની શિક્ષા આપી રહ્યા છે તેને સમજીને, આપણાં જીવનમાં દૈવી ગુણોને ધારણ કરીને, આપણાં જીવનને શ્રેષ્ઠ બનાવીએ

શિવરાત્રિના પર્વની ઉજવણીના ભાગરૂપે આપણે શિવ મંદિરમાં જઇ અનેક રીતે પુજા-અર્ચન કરીએ છીએ. પરંતુ વર્તમાન સમયે પરમાત્મા શિવ દ્વારા અપાઈ રહેલા જ્ઞાન યોગની શિક્ષાને સમજીને આ ક્રિયાઓ કરીશું તો વધુ સાર્થક તેમજ લાભકારક થશે.

- શિવ પરમાત્માના પ્રતિકસમ શિવલિંગ પર ચંદનથી કરવામાં આવતી ત્રણ આડી રેખાઓ, જે ત્રિપુંડ કહેવાય છે, તેનું પણ રહસ્ય છે. સૃષ્ટિચક્રના કળયુગના અંતિમ સમયે અવતરિત થઈ પરમાત્મા શિવ ત્રણ દેવતા દ્વારા ત્રણ કર્તવ્યો કરે છે. શંકર દ્વારા કળયુગી તમોપ્રધાન સૃષ્ટિનો વિનાશ, બ્રહ્મા દ્વારા નુતન સતયુગી દુનિયાની સ્થાપના તેમજ વિષ્ણુ દ્વારા નવી સતયુગી દુનિયની પાલના. ત્રિપુંડ એ પરમાત્મા શિવ દ્વારા ત્રણ દેવતાઓના માધ્યમ દ્વારા કરવામાં આવતા આ ત્રણ કર્તવ્યોની પ્રતિકાત્મક યાદગાર છે.

- શિવનું અર્ચન-પૂજન ત્રણ પાનવાળા બિલીપત્રો ચઢાવી કરવામાં આવે છે. આ પણ પ્રતિકાત્મક તેમજ સાંકેતિક છે. વાસ્તવમાં જે વ્યક્તિ તન–મન–ધનથી શિવ પરમાત્માને સમર્પિત થાય છે તેના પર શિવજી પ્રસન્ન થાય છે. જો આ ભાવનાથી બિલીપત્ર ચઢાવમાં આવે તો શિવ પરમાત્માના વધુ કૃપાપાત્ર બનીશું.

- શિવલિંગ ઉપર જળાધારીમાંથી વહેતી જળધારા એ બ્રહ્મા મુખ દ્વારા પરમાત્મા શિવે વહાવેલી જ્ઞાનધારાનું પ્રતિક છે. આ જ્ઞાનબિંદુઓનાં સ્મરણ દ્વારા શિવ પરમાત્માનું મહિમાગાન કરવાનું રહસ્ય છુપાએલું છે. દૂધ દ્વારા સ્નાન કરાવવાનો અર્થ સ્વચ્છ તેમજ પવિત્ર મન દ્વારા શિવને સમર્પિત થવાનો સંકેત છે.

- શિવ મંદીરમાં પ્રવેશતા જ પોઠીયાની પ્રતિમા મુકવામાં આવે છે. પોઠીયાને શિવ પરમાત્માનું વાહન માનવામાં આવે છે. વાસ્તવમાં કળયુગના અંતે

શિવ પરમાત્માનું અવતરણ બ્રહ્માના તનમાં થાય છે.  એટલે પોઠીયો એ બ્રહ્માની યાદગાર છે.

- શિવલિંગના ગર્ભ દ્વાર પાસે કાચબાનું પ્રતિક પણ મુકવામાં આવે છે. કાચબાની વિશેષતા છે કે તે પોતાનું કામ પૂર્ણ થયે પોતાની કર્મેન્દ્રિઓને સંકેલી લે છે.  તેજ રીતે સદાશિવની આરાધના માટે આપણે પણ કાચબાની જેમ મનને બધી બાબતોથી સંકેલી લઈ મનને એકાગ્ર કરવું જરૂરી છે.

- દેવી દેવતાઓના મંદિરમાં જવા પગથિયાં ઉપર ચઢવા પડે છે,  જ્યારે શિવલિંગ સમીપે જવા માટે પગથિયાં ઉતરવા પડે છે. આમાં અંતરમુખી બની અંતરદર્શન દ્વારા શિવને પામવાનો સંકેત સમાયેલો  છે.

- દેવી-દેવતાઓની મૂર્તિની સ્થાપના મંદિરના મુખ્યદ્વારથી પ્રવેશ કરાવીને થાય છે, જ્યારે શિવલિંગની સ્થાપના મંદિરના શિખર ઉપરથી નીચે ઉતારીને કરવામાં આવે છે. આની પાછળનું રહસ્ય એ છે કે જ્યોતિબિંદુ પરમાત્મા પરમધામથી અવતરણ કરે છે, જ્યારે સતયુગમાં દેવી-દેવતાઓનો જન્મ ધરતી પર થાય છે.

મહાશિવરાત્રિના ઉપરોક્ત રહસ્યોને સમજીને પર્વની ઉજવણી કરીશું તો વધુ સાર્થક તેમજ લાભદાયક રહેશે

------- 0 -------- 0 -------

# હોળીનું પર્વ - અલૌકિક આનંદોત્સવ




ભારતના મહત્વના તહેવારોમાં હોળી ધુળેટીના પર્વનું એક આગવું મહત્વ છે. વિશ્વના અન્ય દેશો જેવાકે સુરીનામ, ગુયાના, ટ્રિનિદાદ, યુનાઇટેડ કિંગડમ અને નેપાળમાં પણ ભારે લોકચાહના ધરાવતો આ હિંદુ તહેવાર છે. તેને દોલયાત્રા, રંગોત્સવ કે વસંતોત્સવ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આંધ્ર પ્રદેશમાં હોળીનો તહેવાર "કામ દહન" તરીકે ઓળખાય છે. ફાગણ માસની પૂનમે મનાવવામાં આવતા હોળીના તહેવારની સાંજે ગામનાં પાદર કે મુખ્ય ચોક જેવા સ્થાન પર છાણા, લાકડાંની 'હોળી' ખડકવામાં આવે છે. લોકો ત્યાં એકઠા થાય છે, હોળી પ્રગટાવવામાં આવે છે અને તેની પ્રદક્ષિણા કરવામાં આવે છે. શ્રીફળ વગેરે પવિત્ર મનાતી વસ્તુઓથી પૂજન કરે છે. જો કે ભારતમાં વિવિધ પ્રાંતો અને સમુદાયોમાં હોળીની ઉજવણીની અલગ અલગ રીતે કરવામાં આવે છે, પરંતુ દરેકની ભાવના એકજ હોય છે કે હોળી પ્રગટાવી અને આસુરી તત્વોનો નાશ કરવો અને દૈવી શક્તિઓનું સન્માન કરવું. હોળીનાં બિજા દિવસે **ધુળેટી** મનાવાય છે. આ દિવસે સવારથી સૌ કોઇ એકબિજા પર અબિલ,ગુલાલ તેમજ કેસુડાનાં રંગો છાંટી પોતાનો ઉત્સાહ અને આનંદ વ્યક્ત કરે છે અને સાંજના સમયે કોઈ કોઈ સ્થાને ઉજાણી પણ કરે છે .

આપણાં મોટાભાગના તહેવારો પૌરાણિક કથાઓ સાથે સંકળાયેલા છે. આ બધી કથાઓ કે વાર્તાઓમાં કોઈ ને કોઈ ગહન આધ્યાત્મિક રહસ્ય છુપાયેલું છે. પર્વની ઉજવણીમાં આપણે વાર્તાઓને પકડી રાખી પરંતુ તેના મર્મને તેમજ આધ્યાત્મિક રહસ્યને ભૂલતા ગયા. આને કારણે તહેવારોની ઉજવણીમાં એક પ્રકારે વિકૃતિ આવતી ગઈ. હોળી પણ એમાનો એક છે. હોળીના પર્વ સાથે પણ અનેક કથાઓ સંકળાયેલી છે તેમાં મુખ્ય

કથા ભક્ત પ્રહલ્લાદની છે. પ્રાચીન કાળમાં હિરણ્યકશિપુ નામનો અસુર બ્રહ્માજીના વરદાનને કારણે લગભગ અમર બની ગયો હતો. તે પોતાને ઈશ્વર માનવા લાગ્યો હતો. પોતાના રાજ્યમાં ઈશ્વરનું નામ લેવાની તેણે પાબંધી લગાવી દીધી હતી. હિરણ્યકશિપુનો પુત્ર પ્રહલ્લાદ ભગવાન વિષ્ણુનો નિષ્ઠાવાન ભક્ત હતો. પ્રહલ્લાદની ઈશ્વર ભક્તિથી ક્રોધિત થઈને હિરણ્યકશિપુએ તેણે અનેક પ્રકારના કઠોર કષ્ટો આપ્યા. આમ છતા તેણે ઈશ્વરની ભક્તિનો માર્ગ ના છોડયો. હિરણ્યકશિપુની બહેન હોલિકાને એક વરદાન પ્રાપ્ત હતું. તેની પાસે એક એવી ઓઢણી હતી કે જે તેને ધારણ કરે તેને અગ્નિ પણ બાળી શકે નહીં. અંતે હિરણ્યકશિપુએ આદેશ કર્યો કે હોલિકા પ્રહલ્લાદને પોતાના ખોળામાં બેસાડી આગ ચિતા પર બેસે જેથી પ્રહલ્લાદ બળીને ખાક થઈ જાય. પ્રહલ્લાદે પિતાની આજ્ઞાનું પાલન કર્યું અને પોતાના ઇષ્ટ વિષ્ણુને યાદ કર્યા. અંતે જ્યારે અગ્નિ પ્રગટાવવામાં આવ્યો ત્યારે પેલી ઓઢણી હોલિકાનાં મસ્તક પરથી ઉડી અને પ્રહલાદને વિંટળાઇ ગઈ, આથી હોલિકા અગ્નિમાં બળી અને ભસ્મ થઇ અને પ્રહલ્લાદ સાજો સારો બહાર આવ્યો. આપણી બધીજ પૌરાણિક કથાઓ પ્રતિકાત્મક છે. ભક્ત પ્રહલ્લાદની આ વાર્તા પણ આપણને દિવ્ય સંદેશ આપે છે. પ્રહલ્લાદનો અર્થ આનંદ થાય છે. હિરણ્યકશિપુ તેમજ હોલિકા અહંકાર, વૈર તેમજ ઉત્પીડનનું પ્રતિક છે જે આગમાં ભસ્મ થઈ જાય છે અને પ્રેમ આનંદના પ્રતિક પ્રહલ્લાદનું અસ્તિત્વ જળવાઈ રહે છે. હોળી-ધૂળેટના તહેવારના આવા અન્ય આધ્યાત્મિક તેમજ સામાજિક રહસ્યોને સમજીને ઉત્સવની ઉજવણી કરીશું તો સ્વયંના તેમજ સર્વના હિતમાં રહેશે.

આજના સમય પર દ્રષ્ટિપાત કરીએ તો તમે જરૂર સમ્મત થશો કે આજનો આ વર્તમાન સમય એ કળીકાળનો ઘોર અંધકારનો તેમજ અતિ ધર્મગ્લાનિનો સમય ચાલી રહ્યો છે. આ સમયે સમગ્ર વિશ્વમાં દુઃખ, અશાંતિ, ભય, ચિંતા, હિંસા,પાપચાર દુરાચાર ભ્રષ્ટાચાર વ્યાપેલો છે. આવા સમયે સ્વયં શિવ પરમાત્મા, ગીતામાં પોતે આપેલા વચન અનુસાર, સૃષ્ટિ પરીવર્તન અર્થે બ્રહ્માના તનમાં દિવ્ય અવતરણ કરી નવી સતયુગી દુનિયાની

સ્થાપના કરી રહ્યા છે. વર્તમાન સમયે જ્યારે તેઓ બ્રહ્માના મુખ દ્વારા સત્ય જ્ઞાન તેમજ રાજયોગની શિક્ષા આપી આપણને કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર જેવા મહાવિકારોથી મુક્ત કરી રહ્યા છે ત્યારે હોળી-ધૂળેટીનું મહત્વ વધી જાય છે. હોળી અગ્નિનું તેમજ હોલિકા વિકારોનું પ્રતિક છે. સાચા અર્થમાં આપણે હોળી ત્યારે માનવી ગણાય જ્યારે આપણે વર્તમાન સમયે પરમાત્મા શિવ જે જ્ઞાન-યોગની શિક્ષા આપી રહ્યા છે તેને સમજીને, તેનું ચિંતન કરીને, જ્ઞાન તેમજ યોગ અગ્નિને પ્રજ્વલીત કરી આપણામાં રહેલા વિકારોને, વિકર્મોને તેમજ કર્મબંધનોને ભસ્મ કરીએ તેમજ આપણાં જીવનમાં દૈવી ગુણોને ધારણ કરીને આપણાં જીવનને શ્રેષ્ઠ બનાવીએ. આમ કરીશું તો આવા કનિષ્ઠ સમયે પણ પ્રહલ્લાદની જેમ નિખરીને સલામત બહાર નિકળીશું. બીજા શબ્દોમાં આપણે આપણાં મનના નકારાત્મક વિચારોને તેમજ ભ્રષ્ટ વૃત્તિઓને જ્ઞાનરૂપી હોળીની અગ્નિમાં ભસ્મ કરી મનને નિર્મળ બનાવીએ.

પાનખર પછી વસંતની શરૂઆતમાં ઉજવાતા હોળીના તહેવારની ઉજવણીની જ્યારે શરૂઆત થઈ હશે ત્યારે કદાચ એવો ભાવ રહ્યો હોય કે પાનખર પછી સૂકા થઈ ગયેલા પાદડાં તેમજ વૃક્ષોનું દહન કરીએ તો સાફ સફાઈ થઈ જાય. પરંતુ જ્યારે આજે વૃક્ષોનું બેફામ નિકંદન થઈ રહ્યું છે, લાકડાની અછત ઊભી થઈ છે તેમજ પર્યાવરનની અનેક સમસ્યાઓ ઊભી થઈ રહી છે ત્યારે હોળીમાં ખુબજ કીમતી તેમજ તેમજ અન્ય કામોમાં ખુબજ ઉપયોગી લાકડાને બાળી નાખવા કેટલું ઉચિત ગણાય? આધ્યાત્મિક રીતે જોવા જઈએ તો હોળીમાં કોઈ સ્થૂળ અગ્નિની વાત નથી પરંતુ પરમાત્મા પાસેથી પ્રાપ્ત થયેલ જ્ઞાન અગ્નિની વાત છે. જેને આપણાં મનમાં પ્રજ્વલિત કરી આપણામાં રહેલા વિકારોને તેમજ નકારાત્મકતાને ભસ્મ કરવાનો સંકેત છે.

ધૂળેટી અર્થાત રંગોત્સવ. આ દિવસે આપણે એકબીજા ઉપર વિવિધ સ્થૂળ રંગો છાંટીને આનંદ પ્રમોદ કરીએ છીએ. ભલે આપણે આ કરીએ પરંતુ રંગોત્સવનો વાસ્તવિક આધ્યાત્મિક રહસ્યતો એ છે કે આપણે સતના સંગનો રંગ લગાવીએ, મીરાની જેમ પ્રભુના સંગના રંગમાં રંગાઈ જઈએ,

જીવનમાં મૂલ્યોના તેમજ દિવ્ય ગુણોના રંગને લગાવીએ તો હોળીની ઉજવણી વધુ સાર્થક નીવડશે. આજે રંગ છાટવામાં પણ એટલી વિકૃતિ આવી ગઈ છે કે આજે મોટાભાગે કેમિકલ રંગોનો તેમજ અન્ય તત્વોનો ઉપયોગ થઈ રહ્યો છે જે આપણાં માટે ખુબજ નુકશાન કરતાં છે.

આજે આપણાં દરેક તહેવારની ઉજવણીમાં કોઈ ને કોઈ વિકૃતિ પણ જોવા મળે છે。 ધૂળેટીમાં પણ 'બુરા મત માનના હોલી હૈ' ના ઓથા નીચે ક્યાંક વિકૃત માનસિકતા પણ પ્રત્યક્ષ થતી જોવા મળે છે. આજે લોકોમાં મનોવિકારોની માત્રા ઉત્તરોત્તર વધતી જાય છે. સામાન્ય સંજોગોમાં સમાજના ભયથી કે શાલીનતા વશ તે પૂર્ણ રૂપે પ્રગટ થતાં નથી. પરંતુ હોળીના દિવસે વ્યક્તિને સ્વતંત્રતા મળી જાય છે. હાસ, પરિહાસ, મશ્કરી, મસ્તીના માધ્યમથી ઘણી વખત તે પોતાની વાસનાઓને સંતોષતો હોય છે. વિકારી દ્રષ્ટિ-વૃત્તિથી હોળીના પવિત્ર પર્વની ભાવનાઓનું ક્યાંક ખંડન થતું જોવા મળે છે.

બ્રહ્માકુમારીઝ સંસ્થા હોળીનું વિશિષ્ટ અર્થઘટન કરે છે જે જાણવા જેવુ છે. હોળીને હિન્દીમાં 'હોલી' કહે છે. અંગ્રેજીમાં હોલી (holy)નો અર્થ પવિત્ર થાય છે. અર્થાત હોળીના દિવસોમાં આપણે આપણાં તન, મન, ધન અને બુધ્ધિની પવિત્રતાને જાળવી રાખીએ અને પવિત્રતાના સાગર પરમાત્મા શિવને યાદ કરીએ. હિન્દીમાં હોલીનો બીજો અર્થ 'હો ગયા – થઈ ગયું' એવો પણ થાય છે. એટલે કે જે કઈ થઈ ગયું તેને ભૂલી જાઓ, past is past. ભૂલી જાવો અને માફ કરો. મોટાભાગે આપણે ભૂતકાળની ભૂતાવળોમાં તેમજ ભવિષ્યની ચિંતાઓમાં વધુ જીવતા હોઈએ છીએ. આવો હોળીના આ અર્થઘટન સાથે આપણે વર્તમાનમાં જીવતા શિખીએ અને વર્તમાનને સફળ કરીએ.

-------- 00000 --------

# રામનવમીના તહેવારનો સાચો મર્મ




ચૈત્ર માસના શુક્લ પક્ષની નવરાત્રિના છેલ્લા દિવસને સમગ્ર ભારત વર્ષમાં રામનવમીના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. રામાયણની કથા અનુસાર આ દિવસે શ્રી રામનો જન્મ રાજા દશરથ તેમજ રાણી કૌશલ્યાના પુત્ર રૂપે અયોધ્યામાં થયો હતો. સમાન્ય રીતે શ્રી રામના જન્મ દિવસના આ તહેવારની ઉજવણી આપણે પુજા-પાઠ કરીને, રામ મંદિરમાં દર્શન કરીને, વ્રત રાખીને, રામ કથાનું શ્રવણ કે પઠન કરીને, રામ મહિમાનું ગાયન કરીને કે દાન પુણ્ય કરીને ઉજવીએ છીએ. આ પ્રકારની ઉજવણી આપણે સદીઓથી કરતાં આવ્યા છીએ. આ બધુ કરવું સારી વાત છે, તેમાં કશું ખોટું નથી. પરંતુ વિશ્વની આજે આપણે જે પરિસ્થિતી જોઈ રહ્યા છીએ તેમજ અનુભવી રહ્યા છીએ તે સંદર્ભમાં જો આપણે વિચારીએ તો આપણી આ પ્રકારની ઉજવણીમાં જરૂર કોઈ ખૂટતી કડીઓ છે. તહેવારની ઉજવણીના ભાગ રૂપે આપણે જે જે કરતાં આવ્યા છીએ તે જો પર્યાપ્ત હોત તો આજે વિશ્વની પરિસ્થિતી આવી ન હોત. એટલે આ કડીઓ કે કમીઓ કઈ છે તે પર આજના સમયે વિચાર કરવો અત્યંત જરૂરી બની જાય છે.

વર્ષ દરમ્યાનના આપણા દેશના મોટા ભાગના તહેવારો ધાર્મિક છે. આ દરેક તહેવારોની ઉજવણી પાછળ કાંઇક આધ્યત્મિક રહસ્ય છુપાએલું છે. આપણા મોટા ભાગના તહેવારોની ઉજવણી પાછળનું મુખ્ય લક્ષ આપણી સતત આત્મોન્નતિ થતી રહે, આપણે ઈશ્વરાભીમુખ બની રહીએ, આપણું જીવન સતોગુણ તેમજ દિવ્યતા સંપન્ન બની રહે, આપણા જીવનના મૂલ્યોનું જતન થાય તેમજ જીવનમાં આપણે સાચા અર્થમાં સુખ-શાંતિ નો અનુભવ કરીએ તે છે. પરંતુ સમયાંતરે અને જન્માંતરે આ લક્ષને આપણે વિસરતા ગયા અને ઉજવણીનું સ્વરૂપ આત્મ દર્શન, પરમાત્મા ચિંતન, જીવન મૂલ્યોના

જતનને બદલે કર્મકાંડ, પૂજાપાઠ, દેવદર્શનમાં બદલાઈ ગયું. અને આજના જમાનાના લોકો તો આ પણ નથી કરતાં. સરકાર આ દિવસે રાજા પણ જાહેર કરે છે અને આપણે તેનો ઉપયોગ મોજ મઝા માણવામાં કરીએ છીએ. જો આપણે આ તહેવારની ઉજવણીની ખૂટતી કડીઓ વિષે વિચાર કરી તેની યથાર્થ ઉજવણી કરીશું તો, વિશ્વની બધી સમસ્યાઓનું સમાધાન થશે અને જે રામરાજ્યની પરિકલ્પના આપના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ કરી હતી તેને આપણે સાકાર કરી શકીશું.

રામાયણમાં શ્રી રામના ચરિત્રની મહિમા તો છે જ પરંતુ તેથી વિશેષ મહિમા રામરાજ્યની છે .એક એવું આદર્શ રાજ્ય કે જે દુ:ખ, અશાંતિ, રોગ, શોક, દુરાચાર, ભ્રષ્ટાચાર, પાપાચારથી તેમજ અનેક પ્રકારના બંધનોથી મુક્ત હોય. જ્યાં એક એક વ્યક્તિ ચારિત્રવાન, મૂલ્યનિષ્ઠ, દિવ્યતા સંપન્ન, સુખ-સમૃધ્ધિથી ભરપૂર હોય. દરેક પુરુષ રામ સમાન હોય અને દરેક મહિલા સીતા સમાન હોય. પરંતુ આપણે વિશ્વની વર્તમાન પરિસ્થિતીને જોઈએ તો લાગ્યા વિના નહીં રહે કે આપણે રામ રાજ્યની પરિકલ્પનાથી સાવજ વિપરિત જીવન જીવી રહયા છીએ. ભારત સહિત ભલે વિશ્વના મોટાભાગના દેશોમાં લોકશાહી છે, તેઓ પોતાને સ્વતંત્ર માને છે પરંતુ સાચા અર્થમાં શું આપણે સ્વતંત્ર છીએ? આજની વૈશ્વિક સમસ્યાઓનું જો લિસ્ટ તૈયાર કરવામાં આવે તો ઘણું લાંબુ લિસ્ટ તૈયાર થઈ જાય. આપણે સૌ તેનાથી જ્ઞાત છીએ. એટલે આના વિસ્તારમાં ન જતાં આપણે તેના સમાધાન વિષે વિચારવું પડશે.

આપણે જો શ્રી રામ સમાન શ્રેષ્ઠ જીવન કે રામરાજ્ય સમાન શ્રેષ્ઠ રાજ્ય ઇચ્છતા હોઈએ તો આપણે રામનામના સ્મરણથી વિશેષ રામના ચરિત્રનું ચિંતન કરી તેનો આત્મસાત આપણા જીવનમાં કરવો પડશે. શ્રી રામને આપણે મર્યાદા પુરુર્ષોત્તમ રૂપે યાદ કરીએ છીએ. અર્થાત તેઓ સર્વ મર્યાદાઓ તેમજ સંયમોથી સંપન્ન, પુરુષોમાં ઉત્તમ હતા. તેઓ સત્યતા, પ્રામાણિક્તા, નમ્રતા, ન્યાયીપણાના મૂર્ત સ્વરૂપ હતા. રામનું હૃદય દિવ્યતા, પ્રેમ, કરુણા, દયા, સર્વ પ્રત્યે સમભાવથી સંપન્ન હતું. શ્રી રામે પોતાના જીવન પર્યંત પોતાના બધાજ સંબંધો, જેમકે એક પુત્ર તરીકે, એક ભાઈ તરીકે, એક પતિ તરીકે, એક રાજા તરીકે ખુબજ આદર્શ પૂર્વક નિભાવી વિશ્વને શ્રેષ્ઠ દ્રષ્ટાંત

પૂરું પાડ્યું છે. સાચા અર્થમાં રામનવમીની યથાર્થ ઉજવણી ત્યારે કરી ગણાય જ્યારે આપણે શ્રી રામના આવા શ્રેષ્ઠ ચરિત્રની કેટલિક વિશેષતાઓને આપણા જીવનમાં ધારણ કરીએ.

શ્રી રામ આટલું શ્રેષ્ઠ તેમજ આદર્શ જીવન કેમ જીવી શક્યાં? કારણકે શ્રી રામે પોતાના શ્રેષ્ઠ ચરિત્રના નિર્માણ અર્થે તેમજ તેના જતન માટે તેમના આરાધ્ય પરમાત્મા શિવનું હમેંશા પ્રેમ પૂર્વક મનન-ચિંતન કર્યું છે.. સીતા સ્વયંવર વખતે પણ શિવ ધનુષ ઉપાડવાની તેમજ તેને તોડવાની ક્ષમતા તેમણે પરમાત્મા શિવની કૃપાથી જ પ્રાપ્ત કરેલી. લંકા વિજયમાં પડેલી મુશ્કેલીના સમયે પણ શ્રી રામે સમુદ્રતટ પર શિવલીંગની સ્થાપના કરી જ્યોતિસ્વરૂપ શિવ પરમાત્માની આરાધના કરી હતી અને પરમાત્મા શિવે તેમના કાર્યને સહજ બનાવ્યું હતું. જે આજે પણ રામેશ્વરમમાં રામેશ્વર જ્યોતિર્લીંગ સ્વરૂપે પૂજાય છે.

વર્તમાન સમયે આનું મહત્વ એટલે વધી જાય છે કે સૃષ્ટિચક્રનો વર્તમાન સમય એ હળાહળ કળિયુગનો અંતિમ સમય છે. દુનિયા વિનાશને આરે આવીને ઊભી છે. આનો અસ્વીકાર કોઈ કરી શકે તેમ નથી. અને આવા સમયે સર્વ મનુષ્ય આત્માઓના પરમપિતા પરમાત્મા રામેશ્વર શિવ, પોતે જ આપેલા વચન અનુસાર, વિશ્વના પરીવર્તન અર્થે તેમજ એક શ્રેષ્ઠ સતયુગી રામરાજયની સ્થાપના અર્થે અવતરણ કરી ચૂક્યા છે. વર્તમાન સમયે નિરાકાર જ્યોતિ સ્વરૂપ પરમાત્મા શિવ બ્રહ્માના તન દ્વારા જે જ્ઞાન તેમજ સહજ રાજયોગની શિક્ષા આપી રહ્યા છે તેનું અધ્યયન કરી, મનન ચિંતન કરી તેમજ તેણે આપેલી શ્રીમત પર આપણે ચાલીશું તો રામરાજ્યની સ્થાપના દૂર નથી. તો આવો આપણે સૌ ચૈત્રી નવરાત્રિ દરમ્યાન તેમજ રામનવમીના દિવસે અંતરમુખી બની પરમાત્મા શિવ જે રાજયોગ આપણને શીખવી રહ્યા છે તેનો અભ્યાસ કરીએ.

આ રાજયોગનું પહેલું પગથીયુ છે પરમાત્માએ આપેલા આત્મજ્ઞાન મુજબ આત્મ ચિંતન-આત્મ દર્શન કરી આત્માનુભૂતિ કરવી. આત્મિક સ્મૃતિમાં સ્થિત થયા બાદ યોગાભ્યાસ દ્વારા આપણે જ્યોતિબિંદુ સ્વરૂપ શિવ પરમાત્મા સાથે અનુસંધાન પ્રસ્થાપિત કરવાથી આપણે તેની પાસેથી દિવ્ય શક્તિઓ

પ્રાપ્ત કરી શકીએ છીએ, આપણું જીવન દિવ્ય ગુણોથી સંપન્ન બને છે, જાણે અજાણે આપણે કરેલા વિકર્મોનો વિનાશ થાય છે તેમજ આપણે અનેક પ્રકારના કર્મબંધનોથી મુક્ત બનીએ છીએ. તો આપણે સૌ આપણી આત્મિક સ્મૃતિમાં સ્થિત થઈ સર્વ ધર્મની આત્માઓના પરમપિતા શિવને યાદ કરીશું તો શ્રી રામના ચરિત્રને આપણા જીવનમાં સાકર કરી શકીશું. તેમજ એક શ્રેષ્ઠ રામ રાજ્યની સ્થાપના કરી શકીશું. તો આવો આપણે સૌ આ ચૈત્રી નવરાત્રિ દરમ્યાન તેમજ રામનવમીના દિવસે અંતરમુખી બની શ્રી રામના શ્રેષ્ઠ ચરિત્રના ચિંતનની સાથે સાથે પરમાત્મા શિવે શીખવેલ રાજયોગનો અભ્યાસ કરીએ. આજ સાચા અર્થમાં રામનવમી મનાવી ગણાશે.

------- 0 ------- 0 -----

# જન્માષ્ટમીના રહસ્યોને  સમજી તેની અલૌકિક ઉજવણી કરીએ

ભારતમાં ઉજવાતા તહેવારોમાં શ્રીકૃષ્ણ જન્મના સંદર્ભમાં ઉજવાતી જન્માષ્ટમી એક મહત્વપૂર્ણ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક ઉત્સવ છે. સદીઓથી આ પર્વની ઉજવણી આપણે એક આનંદોત્સવ રૂપે કરતાં આવ્યા છીએ. સમાન્ય રીતે આ ઉત્સવના દિવસને  આપણે દેવ-દર્શન, પુજા-પાઠ, ઉપવાસ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે કરી પૂરો કરીએ છીએ. સમયાંતરે આમાં પણ વિકૃતિ આવતી ગઈ અને જુગાર રમવા સુધી પહોંચી ગયા, આપણે સૌ જાણીએ છીએ કે જુગાર એક સામાજિક બદી છે.

વાસ્તવમાં આ ઉત્સવ પાછળ અનેક ગુઢ રહસ્યો છુપાએલા છે. જેની અજ્ઞાનતાને કારણે આપણે ખુબજ સાધારણ સ્વરૂપે તેની ઉજવણી કરીએ છીએ. આ પર્વ સાથે સંકળાયેલા કેટલાક મુદ્દા એવા છે કે જે અનેક રહસ્યોથી ભરેલા છે. મોટાભાગના મુદ્દાઓ જ્યોતિ સ્વરૂપ પરમાત્મા શિવ અને પુર્ણ પુરુષોત્તમ એવા આપણા લાડીલા શ્રીકૃષ્ણ વચ્ચેના સંબધોને લગતા છે જે જન્માષ્ટમીના રહસ્યો સાથે સીધા જોડાયેલા છે. તેમાં કેટલાંક ધ્યાન દોરે તેવા મુદ્દાઓ નીચે પ્રમાણે છે.

- શ્રીકૃષ્ણનો જન્મ શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની અષ્ટમીને દિવસે થયો. આપણે સૌ જાણીએ છીએ કે શ્રાવણ માસ વાસ્તવમાં જ્યોતિર્લિંગમ શિવ પરમાત્માની મહિમાનો તેમજ આરાધનાનો માસ છે. અને આવા શિવ મહિમાના માસમાં શ્રીકૃષ્ણનો જન્મ થવો તે ખુબજ સાંકેતિક છે.
- સર્વ ધર્મની આત્માઓના પરમ પિતા પરમાત્મા શિવનો જન્મ દિવસ શિવરાત્રીના રૂપમાં ઉજવવામાં આવે છે. જે વર્ષ દરમ્યામ જન્માષ્ટમીના પહેલા આવે છે. આ ઉપરાંત પરમાત્મા શિવનો જન્મ અથવા અવતરણ તેમજ શ્રીકૃષ્ણના જન્મનો સમય પણ એક જ છે. જે રાતના બાર વાગ્યાનો

છે આ બાબત કોઈ આકસ્મિક ન હોય શકે. આની પાછળ છુપાયેલા મર્મને સમજવાની જરૂરત છે.

- શ્રાવણ માસ શ્રવણ શબ્દ પરથી ઉતરી આવેલો છે. શ્રવણ અર્થાત સાંભળવું. અર્થાત શ્રાવણ માસમાં આવતા શ્રીકૃષ્ણના જન્મને શ્રવણ સાથે પણ કોઈ ચોક્કસ સંબંધ છે. પણ આ શ્રવણ કયું તે આપણે સમજવું પડશે.
- શ્રાવણ માસ એ વર્ષાનો માસ છે. અને આવા વર્ષાના માસમાં શ્રીકૃષ્ણનો જન્મ પણ ખુબજ સાંકેતિક છે.

ઉપરોક્ત રહસ્યોના મર્મને આપણે સમજીશુ તો આ પવિત્ર પર્વની ઉજવણી આપણે સાચા અર્થમાં કરી શકીશું. વાસ્તવમાં જન્માષ્ટમીનું પર્વ આત્મદર્શન કરી આત્મોન્નતિ કરવાનું તેમજ પરમાત્મા અભિમુખ બનવાનું પર્વ છે. આપણામાં રહેલા કૃષ્ણત્વને પુનઃ જાગૃત કરવાનું પર્વ છે. ઉપરોક્ત રહસ્યોના મર્મને સમજવા માટે આપણે પુરુષ,પ્રકૃતિ તેમજ પરમાત્મા વચ્ચે આ ધરતી પર ખેલાઈ રહેલા બેહદના વિશ્વનાટકને સમજવું પડશે.

આપણે સૌ જાણીએ છીએ કે વિશ્વના દરેક ધર્મોએ તેમજ મોટાભાગની પુરાતન સંસ્કૃતિઓએ પૃથ્વી રંગમંચ પર ખેલાઈ રહેલા આ વિશ્વ નાટકને એક ચક્ર (cycle) ના રૂપમાં વર્ણવ્યું છે. મનુષ્ય આત્માઓ, પ્રકૃતિના તત્વો તેમજ પરમાત્મા વચ્ચે ખેલાઈ રહેલું આ નાટક એક ચક્રના રૂપમાં અનાદિ સમયથી ચાલતું આવ્યું છે અને તે અનંત સુધી ચાલતું રહેશે. શ્રીમદ ભગવદ ગીતામાં પણ આ ચક્રનો ઉલ્લે અનાદિ ખ કલ્પ તરીકે કરવામાં આવ્યો છે. જેના બે ભાગ બતાવવામાં આવ્યા છે ચક્રની શરૂઆતનો અડધો ભાગ બ્રહ્માનો દિવસ અને પછીનો અડધો ભાગ બ્રહ્માની રાત્રી કહેવાય છે. બ્રહ્માના દિવસ તેમજ રાત્રિના બે બે ભાગને યુગ કહેવામા આવે છે. અર્થાત આ સૃષ્ટિચક્ર ચાર યુગોનું બનેલું છે. ચક્રની શરૂઆત શ્રેષ્ઠ એવા સતયુગથી થાય છે અને ત્યારબાદ ત્રેતાયુગ, દ્વાપરયુગ પસાર કરી કનિષ્ક કળિયુગના અંતિમ સમય સુધી પહોંચે છે.

પરંતુ કનિષ્ક કળીયુગ પછી પાછા શ્રેષ્ઠ સતયુગની સ્થાપના થાય છે. અને ચક્રનું પુનરાવર્તન થાય છે. આનો પણ સ્પષ્ટ ઉલ્લેખ ગીતામાં કરવામાં આવ્યો છે. આ કનિષ્ઠથી શ્રેષ્ઠનું મહાન પરિવર્તનનું કાર્ય અર્થાત કળીયુગનો

વિનાશ અને શ્રેષ્ઠ સતયુગની સ્થાપના, કળીયુના અંત અને સતયુગની શરૂઆત વચ્ચેના સંગમના સમયે થાય છે. આશરે ૧૦૦ વર્ષના આ સમયને સંગમયુગ કહેવામા આવે છે. આ મહાપરિવર્તનનું કાર્ય એક કોઈ મનુષ્ય દ્વારા સંભવી ન શકે, ભલે પછી તે દેવાત્મા, ધર્માત્મા કે મહાન આત્મા કેમ ન હોય. આ પરિવર્તનના કાર્ય માટે, અતિ ધર્મગ્લાનિના સમયે આવવાના પોતે આપેલ વચન અનુસાર, જ્યોતિ સ્વરૂપ પરમાત્મા શિવ બ્રહ્માના તનમાં અવતરણ કરે છે. વિશ્વની આત્માઓને આત્માનું, પરમાત્માનું તેમજ વિશ્વનાટકના સમગ્ર ચક્રના આદિ, મધ્ય અને અંતનું જ્ઞાન આપે છે અને આ જ્ઞાનના આત્મસાત માટે રાજયોગ શીખવે છે. જેને આપણે પરમાત્મા શિવના જ્ઞાનની જ્ઞાનવર્ષા કહી શકીએ. જેનું શ્રવણ આપણે મનુષ્ય આત્માઓ કરીએ છીએ અને આપણે જીવાત્માઓ તમોપ્રધાન માંથી સાતોપ્રધાન બનીએ છીએ તેમજ પાવન બની આપણું ગુમાવેલું દેવત્વ પુનઃ પ્રાપ્ત કરે છીએ.

સૃષ્ટિચક્ર એ એક કાળચક્ર છે. આ સંદર્ભમાં જોઈએ તો સંગમયુગનો આ સમય રાત્રિના બાર વાગ્યાનો થાય છે, અને આજ સમયે સતયુગી દુનિયાની સ્થાપનાના ભાગ રૂપે સતયુગના પ્રથમ પ્રિન્સ તરીકે આપણાં લાડીલા શ્રી કૃષ્ણનો જન્મ થાય છે. અર્થાત પ્રથમ પરમાત્મા શિવનું બ્રહ્માના તનમાં.અવતરણ તેમજ ત્યારબાદ શ્રી કૃષ્ણનો જન્મ બંને સંગમયુગના સમયે જ થાય છે જે સાંકેતિક રીતે સૃષ્ટિચક્રના રાત્રિના બાર વાગ્યાનો સમય છે. એટલે આ સંદર્ભમાં પ્રથમ શિવજયંતિને શિવરાત્રિ રૂપે તેમજ ત્યારબાદ શ્રીકૃષ્ણના જન્મને જન્માષ્ટમીના રૂપે બંનેને રાત્રિના બાર વાગે મનાવવામાં આવે છે.

પરમાત્માની જ્ઞાન વર્ષાનો તેમજ તેના શ્રવણનો સમય પણ આજ છે. એટલે વર્ષાૠતુના શિવમહિમાના શ્રાવણ માસમાં શ્રીકૃષ્ણનો જન્મ ખૂબ જ સાંકેતિક છે. શિવરાત્રિ પછી જન્માષ્ટમી પણ ખુબજ માર્મિક છે. સંગમ યુગની શરૂઆતમાં પરમાત્મા શિવ નું અવતરણ થાય છે. અને પછી સંગમ યુગના અંતની નજદિકના સમયે શ્રી કૃષ્ણનો જન્મ થાય છે જે સતયુગમાં શ્રી નારાયણના રૂપમાં, સતયુગના મહારાજાના રૂપમાં રાજ્ય કરે છે. આપણે ત્યાં લક્ષ્મી નારાયણના રાજ્યની ખૂબ મહિમા ગાયેલી છે.

ઉપરોક્ત રહસ્યોની ચર્ચાનું મહત્વ આજે એટલે વધી જાય છે કે વર્તમાન સમય, જેમાંથી આજે આપણે પસાર થઈ રહ્યા છે, એ કળીયુગનો અંતિમ સમય છે. દુનિયા વિનાશને આરે આવીને ઊભી છે તે પણ આપણે જોઈ રહ્યા છીએ.  તેને કોઈ અટકાવી શકે તેમ નથી. આવા વર્તમાન સંગમયુગના સમયે પરમાત્મા શિવ બ્રહ્માના તનમાં અવતરણ કરી ચુક્યા છે અને શાશ્વત આધ્યાત્મિક જ્ઞાનની વર્ષા કરી રહ્યા છે. આ સમયે આપણે સૌ આ જ્ઞાન તેમજ યોગની શિક્ષાનું શ્રવણ કરી પરમાત્માની શ્રીમત પર ચાલી નવી શ્રીકૃષ્ણની દુનિયાની સ્થાપનના કાર્યમાં સહભાગી બનીએ.

આજના સમયે જન્માષ્ટમીનું પણ મહત્વ એટલે વધી જાય છે કે હવે સન્નીકટ ભવિષ્યમાં શ્રીકૃષ્ણ પુર્ણ પુરુષોત્તમ, અર્થાત પુરુષો (આત્માઓ)માં ઉત્તમ, દેવાત્મા તરીકે જન્મ લેશે જે સોળેકળા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, સર્વ ગુણોથી સંપન્ન હશે. તો આવો આપણે પરમાત્મા શિવ વર્તમાન સમયે જે જ્ઞાન યોગની શિક્ષા આપી રહ્યા છે તેને જીવનમાં ધારણ કરીએ અને શ્રીકૃષ્ણના જન્મનું આવહન કરીએ. સાથે સાથે આપણે પણ પુરુષાર્થ કરી દેવી-દેવતા રૂપે શ્રી કૃષ્ણની સાથે સતયુગમાં જવાના આપણાં અધિકારને પ્રાપ્ત કરી લઇ જન્માષ્ટમીના તહેવારને સાચા અર્થમાં ઉજવીએ.

-------- 00000 ------

# આવો નવરાત્રીને સાચા અર્થમાં ઉજવીએ



શરદ ઋતુના આગમન સાથે સમગ્ર ભારતવર્ષમાં નવ દિવસ માટે નવરાત્રીના પવિત્ર પર્વની અનેક રીતે ઉજવણી થાય છે. આ પર્વ દરમ્યાન વિશેષ દેવીઓની આરાધનાનો મહિમા છે. જગતજનની શક્તિ સ્વરૂપા જગદંબા, જ્ઞાનની દેવી શ્રી સરસ્વતી તેમજ ધન-સંપદાની દેવી શ્રી લક્ષ્મીની ઉપાસનનું આ પર્વમાં વિશેષ મહત્વ છે. તેમાં પણ શિવશક્તિ સ્વરૂપ મા દુર્ગા, મા કાળી, મા અંબા, મા બહુચરા, મા ચામુંડા, મા ખોડિયાર, મા કાત્યાયિની વિગેરેની વિશેષ પૂજા થાય છે. પરંતુ શું આપણે નવરાત્રિ પર્વના તેમજ વિવિધ દેવિઓના સાચા આધ્યાત્મિક રહસ્યને જાણીને, તેના મર્મને અને મહત્વને સમજીને તેમજ પર્વના ગૌરવ ને જાળવીને યથાર્થ રીતે તેની ઉજવણી કરીએ છીએ? આજે જે રીતે આપણે આ પાવન પર્વની ઉજવણી કરીએ છીએ તે સંધર્ભમાં આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

સામાન્ય રીતે આજે નવરાત્રીના પર્વની ઉજવણી આપણે મહદઅંશે રાત્રિના મોડાસુધી રાસ-ગરબાની રમઝટ માણી, ફેશનેબલ વસ્ત્રો પહેરી, વિવિધ આભુષણો ધારણ કરી, વિવિધ સ્પર્ધાઓ યોજી, ભવ્ય મંડપો બાંધી, ખાણીપીણી કરીને કરીએ છીએ. આમાં ઘણી વખત મોજ મજાની સાથે સાથે વિલાસિતતા, વાસના, લોલુપતા તેમજ શુદ્ર વૃત્તિઓ પણ નજરે પડે છે. જે નવરાત્રીના મહત્વ, મર્મ, તેમજ ગૌરવ પર સીધા ઘા સમાન છે. એવા પણ લોકો છે જે નવરાત્રિ દરમ્યાન ઉપવાસ કરેછે, અનેક પ્રકારના વ્રત રાખે છે, દેવીઓના મંદિરોમાં દર્શન તેમજ પૂજા-અર્ચન માટે જાય છે, ઘરે પણ દેવીઓની આરાધના કરે છે. આ રીતે કરાતી નવરાત્રિની ઉજવણી બેશક ઉપર વર્ણવેલ ઉજવણીથી વધુ સાર્થક છે. પરંતુ જો આપણે નવરાત્રિ પર્વના

સાચા આધ્યાત્મિક રહસ્યને જાણીને, તેના મર્મને અને મહત્વને સમજીને તેમજ પર્વના ગૌરવ ને જાળવીને  યથાર્થ રીતે તેની ઉજવણી કરીશું તો ઉચ્ચ કક્ષાની સિદ્ધિઓને પ્રાપ્ત કરી શકીશું. આવો આ પર્વના કેટલાક આધ્યાત્મિક રહસ્યોને સમજવાનો પ્રયાસ કરીએ.

- મહિષાસુરનો વધ કરનારી મહાદુર્ગા એ વાસ્તવમાં જ્યોતિ સ્વરૂપ શિવ પરમાત્મા પાસેથી શક્તિ પ્રાપ્ત કરી   આસુરી વૃત્તિ તેમજ આસુરી શક્તિ પર વિજય પ્રાપ્ત કર્યાનું પ્રતિક છે.
- વાઘ, સિંહ, મગર, જેવા ક્રૂર જંગલી પ્રાણીઓ પર દેવીઓને બેઠેલી બતાવવી એ પણ સાંકેતિક છે. વાઘ પર આરૂઢ મા જગદંબા, સિંહ પર આસનસ્થ મા દુર્ગા, મગર પર ઉભેલા મા ખોડિયાર એ માનવ જાતના મહાશત્રુ સમાન કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર આદિ વિકારો પર વિજય પ્રાપ્ત કર્યાની નિશાની છે.
- કમળ જેવા નાજુક આસનો પર સ્થિત શ્રી લક્ષ્મી તેમજ હંસ પર આસનસ્થ શ્રી સરસ્વતી એ નિર્મળ અને પવિત્ર જીવનનું પ્રતીક છે.
- મા દુર્ગા અર્થાત  દુષ્કર્મો અથવા પાપકર્મોથી રક્ષણ કરનાર દિવ્ય શક્તિ છે. માનવીના સ્વભાવ-સંસ્કારમાં રહેલ ખામીઓ, ખોડ-ખાપણો, અને દુર્ગુણોનો નાશ કરનાર દિવ્ય શક્તિ ખોડિયાર તરીકે પૂજાય છે.
- દેવીઓના વિવિધ સ્વરૂપો ને વિવિધ શસ્ત્રોથી સજ્જ બતાવવામાં આવેછે જેમ કે  ત્રિશુલ, તલવાર, ફરસી, ધનુષ્યબાણ, ખડગ,ગદા વગેરે. દેવીઓએ ધારણ કરેલા આ શાસ્ત્રો પણ  સાંકેતિક છે. તેના વાસ્તવિક આધ્યાત્મિક રહસ્યને જાણીશું તો વધુ લાભ થશે. વસ્તવમાં કળયુગના અંતે પરમાત્મા શિવે આપેલી જ્ઞાન,યોગ  તેમજ ધારણાની શિક્ષાને આ શસ્ત્રો રૂપે  બતાવમાં આવ્યા છે. જેનો ઉપયોગ કરી આ નવ દિવસ દરમ્યાન આપણે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર જેવા, માનવ  જાતના દુશ્મનો સમાન, વિકારો પર વિજય પ્રાપ્ત  કરવાનો છે અને પવિત્રતાને અપનાવવાની છે.
- દેવીઓને વિવિધ દુર્લભ વસ્ત્રો, અતિ મૂલ્યવાન અલંકારો તેમજ રત્નજડિત તાજ થી સજ્જ બતાવવામાં આવે છે. આનું રહસ્ય એ છે કે આપણે જ્યારે પરમાત્મા શિવની જ્ઞાન તેમજ યોગની શિક્ષા દ્વારા વિકારો ઉપર વિજય મેળવીએ છીએ, આપણા વિકર્મોનો વિનાશ

કરીએ છીએ ત્યારે આપણે દેવત્વને પ્રાપ્ત કરી સર્વગુણ સંપન્ન તેમજ સર્વ રીતે સમૃધ્ધ બની જઈએ છીએ.

- કેટલી દેવીઓને, જેમકે દુર્ગા ના ચંદ્રઘંટા સ્વરૂપને ત્રણ આંખો બતાવવામાં આવી છે જે પરમાત્મા શિવે સંગમ યુગ પર આપેલા ત્રણે કાળના જ્ઞાનથી આપણે ત્રીનેત્રિ, ત્રિકાળદર્શી બનીએ છીએ તેનું પ્રતિક છે. આપણે જ્ઞાન રૂપી ત્રીજું નેત્ર પ્રાપ્ત કરીએ છીએ.
- કોઈ દેહધારી નારી શક્તિ યા દેવી દ્વારા રાક્ષસોનો સંહાર થયો હશે એમ માનવાને બદલે પરમાત્મા શિવની આરાધનાને પરિણામે આપણને પ્રાપ્ત થતી દિવ્ય શક્તિઓ દ્વારા આપણામાં રહેલી આસુરી વૃત્તિઓનો સંહાર થયો હશે તેવું માનવું તેમજ નવરાત્રીના પર્વ દરમ્યાન તેવું કરવું વધુ સાર્થક ગણાશે.
- પરમાત્મા શિવ વર્તમાન સમયે કળયુગી આસુરી શક્તિઓ ઉપર વિજય પ્રાપ્ત કરાવી સતયુગી દૈવી સૃષ્ટિનું સર્જન કરી રહ્યા છે. જેની યાદગાર નવરાત્રીનું મહાપર્વ છે. .

નવરાત્રીનું પર્વ ફક્ત દેવીઓની પૂજા માત્રાનો જ ઉત્સવ નથી પરંતુ નારીના માન-સન્માન તેમજ પ્રતિષ્ઠાને સ્થાપિત કરવાનું પર્વ છે. આજે જ્યારે નારી પર અનેક પ્રકારે અત્યાચાર ગુજારવામાં આવી રહ્યા છે, તેનું શોષણ થઈ રહ્યું છે ત્યારે આ ઉત્સવના સાચા રહસ્યને સમજી ઉજવવામાં આવે તો નારીની પ્રાતિષ્ઠાને પુનઃ સ્થાપિત કરી શકીશું. આ છે નવરાત્રીના પાવન પર્વની મહિમા અને મર્મ

સાર રૂપે નવરાત્રીના આ નવ દિવસ દરમ્યાન આપણે અંતરમુખી બની, વિકારોથી દુર રહી, પવિત્રતાને ધારણ કરી, સૌની સાથે પ્રેમ પૂર્વક વ્યવહાર કરી, પરમાત્મા શિવને યાદ કરી, વાસ્તવમાં આપણે જ શિવશક્તિ સ્વરૂપ ધારણ કરી વિઘ્નવિનાશક, વિજયી બનવાનું છે.

---- o ------ o ----